## યોગમય વડોદરા : સ્વસ્થ જીવન તરફ શહેરનો સમૂહ સંકલ્પ

# ‘એક પૃથ્વી, એક આરોગ્ય’ના સંદેશ સાથે હજારો લોકોએ કર્યા યોગાસનો

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શહેરભરમાં વિવિધ કાર્યક્રમો

### બ્રહ્માકુમારી અટલાદરા સેવા કેન્દ્ર ખાતે યોગ દિવસની ઉજવણી



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવા કેન્દ્ર ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભાણીયા, સાંસદ ડો. હેમાંગ જોષી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોગ કાર્યક્રમ યોજાયો હતો. યોગ દિવસની ‘સ્વસ્થ જીવન માટે યોગ’ થીમ અંતર્ગત મોટી સંખ્યામાં નાગરિકોએ સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. સાંસદ ડો. હેમાંગ જોષીએ અરુણા દીદીના માર્ગદર્શન હેઠળ ‘વ્યક્તિ વિકાસથી રાષ્ટ્ર વિકાસ’ના સંકલ્પ સાથે વર્ષભર ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. કાર્યક્રમમાં યોગ પ્રોટોકોલ મુજબ યોગાભ્યાસ, છોડ વિતરણ અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

### પ્રાદેશિક તાલીમ કેન્દ્રમાં યોગ અને સરકારી કર્મચારીઓ વિષયક માર્ગદર્શન



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિવિધ સંસ્થાઓ દ્વારા યોગ અંગેના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વુડા ભવન સ્થિત સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવનના પ્રાદેશિક તાલીમ કેન્દ્રમાં ખાસ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત સનદી અધિકારી ડો. ચૌધરી અને સર્ટિફાઇડ યોગ શિક્ષિકા નીલમ કોટસ્થંભેએ વિવિધ જિલ્લાઓમાંથી આવેલા આશરે 40 તાલીમાર્થીઓને ‘યોગ અને સરકારી કર્મચારીઓ’ વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યોગાસન, પ્રાણાયામ અને યોગના શારીરિક તથા માનસિક લાભોની માહિતી આપી પ્રાયોગિક નિર્દેશન પણ કરવામાં આવ્યું હતું.

### વડોદરા રેલવે મંડળમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. “સ્વસ્થ આયુષ્ય માટે યોગ” થીમ હેઠળ પ્રતાપનગર સ્થિત રેલવે ઓડિટોરિયમમાં યોગ સત્ર યોજાયું હતું. યોગ ગુરુ કૃષ્ણા પટેલ, ખુશી પટેલ અને તેમની ટીમના માર્ગદર્શન હેઠળ અધિકારીઓ, કર્મચારીઓ તથા પરિવારજનોએ કોમન યોગ પ્રોટોકોલ મુજબ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કર્યો હતો. મંડળ રેલવે મેનેજર રાજુ ભડકેએ યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો જોડાયા હતા.

### માયસીપીઈ વન દ્વારા યોગ દિવસની ઉજવણી, 3 હજારથી વધુ કર્મચારીઓ જોડાયા



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે માયસીપીઈ વન દ્વારા દેશભરની 18 ઓફિસોમાં યોગ સત્રોનું આયોજન કરાયું હતું. શુક્રવારે યોજાયેલા આ કાર્યક્રમમાં 3,000થી વધુ કર્મચારીઓ જોડાયા હતા. વડોદરા સ્થિત ઓફિસમાં આશરે 70 કર્મચારીઓએ યોગાભ્યાસ કર્યો હતો. આ પહેલ કર્મચારીઓની સુખાકારી અને કાર્યસ્થળે આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવા પ્રત્યે કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કંપની વર્ષભર ફિટનેસ અને વેલનેસ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. કર્મચારીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપતી આ નીતિના પરિણામે 150થી વધુ કર્મચારીઓ છેલ્લા સાત વર્ષથી વધુ સમયથી સંસ્થા સાથે જોડાયેલા છે.

### અટલાદરા BAPS સ્વામિનારાયણ મંદિરે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



અટલાદરા સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શનિવારે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ 2015થી શરૂ થયેલા આ વૈશ્વિક યોગ પર્વ નિમિત્તે મંદિર પરિસરમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂજ્ય સંતો તેમજ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, રાજ્યમંત્રી ડો. મનીષાબેન વકીલ, સાંસદ ડો. હેમાંગ જોશી સહિતના આગેવાનો અને નાગરિકોએ યોગાભ્યાસ કર્યો હતો.

### વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં યોગના સાચા સ્વરૂપનું મહત્વ સમજાવ્યું



પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજની મંગલ ઉપસ્થિતિમાં વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. “સ્વસ્થ આયુષ્ય માટે યોગ” થીમ હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો અને યોગપ્રેમીઓ જોડાયા હતા. પૂજ્યશ્રીએ યોગના શુદ્ધ સ્વરૂપ, શિસ્તબદ્ધ જીવન અને કાર્યમાં પૂર્ણ સમર્પણના મહત્વ અંગે પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું હતું. તેમણે યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યોગ શિક્ષક ડો. ભાવિન મહેતાએ યોગાસન, પ્રાણાયામ, ધ્યાન અને હાસ્ય યોગ સહિત વિવિધ અભ્યાસ કરાવ્યા હતા.

### આર્ટ ઓફ લિવિંગ દ્વારા વંદે ભારત ટ્રેનોમાં યોગ સત્રો યોજાયા



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે આર્ટ ઓફ લિવિંગ દ્વારા ગુજરાતમાં અનોખી પહેલ કરવામાં આવી હતી. ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં વિશેષ યોગ સત્રો યોજાયા હતા, જેમાં મુસાફરો અને રેલવે કર્મચારીઓ જોડાયા હતા. વડોદરામાં 1,500થી વધુ પોલીસકર્મીઓએ યોગાભ્યાસ કર્યો હતો. ઉપરાંત શાળાઓ, કોલેજો, સરકારી કચેરીઓ, કોર્પોરેટ સંસ્થાઓ અને જાહેર ઉદ્યાનો સહિત 50થી વધુ સ્થળોએ યોગ, પ્રાણાયામ અને ધ્યાનના કાર્યક્રમો યોજાયા હતા. આ અભિયાન હેઠળ 15,000થી વધુ લોકોએ ભાગ લઈ સ્વસ્થ અને તણાવમુક્ત જીવનનો સંદેશ આપ્યો હતો.

### સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે “Yoga for Healthy Ageing” થીમ પર ઉજવણી



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વડોદરાના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. “Yoga for Healthy Ageing” થીમ હેઠળ વહેલી સવારે હજારો નાગરિકોએ સામૂહિક યોગાભ્યાસ કરી સ્વસ્થ જીવનનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં રાજ્યના મંત્રી જીતુભાઈ વાઘાણી, મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ, મેયર ગીતાબેન મકવાણા, ધારાસભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી જીતુભાઈ વાઘાણીએ યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવા આહ્વાન કર્યું હતું. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

### વડોદરા પોલીસ હેડક્વાર્ટર ખાતે ૧૪૨૮ જવાનોએ કર્યો યોગાભ્યાસ



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વડોદરા પોલીસ હેડક્વાર્ટર ખાતે ભવ્ય યોગ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ કમિશનર નરસિંહ કુમારની ઉપસ્થિતિમાં 1,428 પોલીસ જવાનો અને અધિકારીઓએ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કર્યો હતો. કાર્યક્રમમાં ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સના કર્મચારીઓ પણ જોડાયા હતા. પોલીસ કર્મચારીઓમાં શારીરિક તંદુરસ્તી અને માનસિક સજાગતા વધે તે હેતુથી આયોજન કરાયું હતું. પોલીસ કમિશનરે યોગને સ્વસ્થ અને તણાવમુક્ત જીવન માટે મહત્વપૂર્ણ ગણાવી તેને દૈનિક જીવનમાં અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

### MSUમાં “યોગા ફોર વન અર્થ, વન હેલ્થ” થીમ પર ઉજવણી



“યોગા ફોર વન અર્થ, વન હેલ્થ” થીમ હેઠળ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વાઇસ ચાન્સેલર ભાલચંદ્ર ભાણગે અને રજીસ્ટ્રાર ડો. કે.એમ. ચુડાસમાની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ અને એનસીસી કેડેટ્સે સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. વિવિધ યોગાસન અને પ્રાણાયામનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વાઇસ ચાન્સેલરે યોગને ભારતની અમૂલ્ય સાંસ્કૃતિક ભેટ ગણાવી વિદ્યાર્થીઓને તેને દૈનિક જીવનનો ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.

### ગોત્રી હોસ્પિટલ ખાતે તબીબોને પ્રાણાયામ સાથે યોગ કરાયા



વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગોત્રી સ્થિત જીએમઇઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે ભવ્ય યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના તબીબી અધિકારીઓ, ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને વહીવટી કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અનુભવી યોગ ટ્રેનરના માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસન અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. દર્દીઓની સેવામાં વ્યસ્ત રહેતા તબીબોએ યોગ દ્વારા સ્વાસ્થ્ય અને માનસિક શાંતિનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના અંતે સહભાગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ભાજપ વોર્ડ-૧૮ દ્વારા માંજલપુર સ્થિત ઈવા મોલ ખાતે યોગ શિબિર



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ભાજપ વોર્ડ નં. 18 દ્વારા માંજલપુર સ્થિત ઈવા મોલ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપ શહેર મહામંત્રી લકુલીશભાઈ ત્રિવેદી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકરો, નાગરિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. અનુરાજ પાવર યોગ અને તંદુરસ્તી કેન્દ્રના પ્રશિક્ષિત યોગ શિક્ષકો દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને આરોગ્યવર્ધક યોગક્રિયાઓ કરાવવામાં આવી હતી. ઉપસ્થિતોએ ઉત્સાહપૂર્વક યોગાભ્યાસ કરી સ્વસ્થ, સશક્ત અને સંતુલિત જીવન જીવવાનો સંદેશ આત્મસાત કર્યો હતો.

# પોતાના યોગ કરતાં બાજુવાળા નેતા કેટલા વાંકા થયા તેની ચિંતા વધુ




## ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દરમિયાન યોગાસનો કરતાં કેટલાક નેતાઓના હાવભાવ અને નજરના આસનો વધુ ચર્ચામાં રહ્યા હતા. સંઘની કેડરમાંથી આવેલા ઘણા નેતાઓએ એક સમયે શાખામાં નિયમિત આસનો કર્યા હોવાના દિવસો યાદ કર્યા હશે, પરંતુ સત્તાના ભાર સાથે કદાચ યોગનું નિયમિત શેડ્યૂલ પણ ક્યાંક પાછળ રહી ગયું હોય એવું દ્રશ્યો પરથી લાગતું હતું.

વર્ષમાં એક દિવસ યોગ કરવા માટે એકત્ર થયેલા કેટલાક મહાનુભાવો માટે તાડાસન કરતાં સંતુલન જાળવવું અને ભુજંગાસન કરતાં શરીરને વાળવું જાણે રાજકીય સમીકરણો જેટલું જ મુશ્કેલ બની ગયું હોય તેમ જોવા મળ્યું. જોકે, પોતે આસન કેટલું યોગ્ય કરી રહ્યા છે તેના કરતાં બાજુમાં ઉભેલા નેતા કેટલા વાંકા થાય છે અને કોણ કેટલું સીધું રહે છે તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત થયેલું જોવા મળ્યું હતું. ત્રાંસી નજરે બાજુવાળા નેતાના યોગાસનોનું નિરીક્ષણ કરતાં કેટલાક મહાનુભાવોના ચહેરા પર એવી ઉત્સુકતા જોવા મળી જાણે આગામી ટિકિટ વિતરણની યાદી જાહેર થવાની હોય! રાજકારણમાં સ્થિતિસ્થાપકતા અને સમય પ્રમાણે વળાંક લેવાની કળા અત્યંત મહત્વની ગણાય છે, અને યોગ દિવસની આ પ્રેક્ટિસ આવનારા દિવસોમાં રાજકીય મેદાનમાં કેટલી ઉપયોગી સાબિત થાય છે તે સમય જ બતાવશે.

સ્થાનિક વર્તુળોમાં તો એવી રમૂજી ટિપ્પણીઓ પણ સંભળાઈ કે યોગાસન ભલે એક દિવસ માટે હોય, પરંતુ રાજકીય આસનો અને સમીકરણો જાળવવાની કસરત તો બારેમાસ ચાલુ જ રહેવાની!

### ‘સમાધાન સેવા’ કે વસૂલી કેન્દ્ર? ગ્રામ્ય વિસ્તારમાં અરજીના નામે લાખોનો ખેલ




વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લગ્નના બહાને યુવક પાસેથી લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાનો મામલો ચર્ચામાં છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ભોગ બનનાર યુવક પોલીસ ફરિયાદ તરફ આગળ વધે તે પહેલાં જ જાણે ‘સમાધાન એક્સપ્રેસ’ દોડતી થઈ ગઈ હોય તેવી ચર્ચા છે.

સ્થાનિક વર્તુળોમાં એવી ચર્ચા છે કે ફરિયાદ નોંધાવવાને બદલે સમાધાનના નામે કેટલાક વચેટિયાઓ અને અન્ય લોકો સક્રિય બન્યા હતા અને આરોપી પક્ષ પાસેથી લાખો રૂપિયાની લેવડદેવડ થઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. કહેવાય છે કે કેટલાક ‘મધ્યસ્થીઓ’નો પણ આ સમગ્ર પ્રકરણમાં ખાસ લાભ થયો હતો.

ચર્ચા એવી પણ છે કે મુખ્ય મહિલા આરોપી પાસે નકલી આધારકાર્ડ હોવાની માહિતી હોવા છતાં કાયદેસરની કાર્યવાહી કરતાં ‘વિવાદ નિવારણ’ વધુ પ્રાથમિકતા બની ગઈ હતી. જેના કારણે સમગ્ર ઘટનાક્રમે અનેક સવાલો ઊભા કર્યા છે.

સ્થાનિક લોકોમાં વ્યંગાત્મક ટિપ્પણીઓ થઈ રહી છે કે હવે કદાચ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા કરતાં પહેલાં ‘સમાધાન પેકેજ’ની વિગતો પૂછવી પડે! ‘લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખ્યા ન મરે’ જેવી કહેવત ફરી એકવાર લોકોની ચર્ચામાં આવી છે.

જો સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો સત્ય શું છે તે સામે આવી શકે છે અને અનેક ચર્ચાઓને પણ વિરામ મળી શકે છે. હવે જોવાનું એ રહેશે કે ઉચ્ચ અધિકારીઓ આ સમગ્ર પ્રકરણને ગંભીરતાથી લઈને તપાસના આદેશ આપે છે કે પછી બધું ‘સમાધાન’ના નામે જ શાંત થઈ જશે.

### જૂના વહીવટદારના ‘રી-લૉન્ચિંગ’થી પોલીસ સ્ટેશનમાં નવી ઊર્જા! બુટલેગરોમાં ખુશી, કર્મચારીઓમાં કકળાટ




વડોદરા શહેરનું એક પોલીસ સ્ટેશન ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. કહેવાય છે કે હાલના પ્રયોગોથી અપેક્ષિત પરિણામો ન મળતાં હવે જૂના અને અનુભવી વહીવટદારની ‘રી-એન્ટ્રી’ કરાવવામાં આવી છે. જાણકારોમાં એવી રમૂજી ટિપ્પણી થઈ રહી છે કે પોલીસ સ્ટેશનમાં જાણે ‘ઓલ્ડ ઈઝ ગોલ્ડ’નો સિદ્ધાંત ફરી અમલમાં આવ્યો હોય!

ચર્ચા એવી છે કે જૂના વહીવટદારની વાપસીથી કેટલાક લિસ્ટેડ બુટલેગરોમાં જાણે દિવાળી પહેલાં જ ઉજવણીનો માહોલ સર્જાયો હોય. વિદેશી દારૂના સ્ટેન્ડો માટે ‘સકારાત્મક વાતાવરણ’ ઉભું થઈ રહ્યું હોવાની ચર્ચાઓ સાથે હપ્તા વ્યવસ્થાના નવા માળખાની અટકળોએ પણ જોર પકડ્યું છે. લોકોમાં એવી મજાક થઈ રહી છે કે કેટલાક માટે આ રિ-એન્ટ્રી જાણે ‘સારા દિવસો’ની વાપસી સમાન બની ગઈ છે.

સ્થાનિક સ્તરે એવી ચર્ચા પણ છે કે વહીવટની જવાબદારી મળતાં જ સંબંધિત મહાશયનો આત્મવિશ્વાસ એટલો વધ્યો છે કે ક્યારેક તેઓ પોતે પોલીસ અધિકારી છે કે વહીવટદાર છે તે કર્મચારીઓને પણ યાદ કરાવવું પડે એવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે પોલીસ બેડામાં અસંતોષનું વાતાવરણ હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. તાજેતરમાં શહેર પોલીસ કમિશનરે બુટલેગરો અને હિસ્ટ્રીશીટરોને કડક સંદેશ આપ્યો હતો. પરંતુ બીજી તરફ ચર્ચા એવી છે કે કેટલાક જાણીતા તત્વો સાથે કારમાં યોજાતી બેઠકો અને વધતી નિકટતા ઘણા લોકો માટે ઉત્સુકતાનો વિષય બની ગઈ છે. લોકોમાં તો એવી રમૂજી ટિપ્પણી પણ થઈ રહી છે કે હવે ‘બીટ મીટિંગ’ કરતાં ‘કાર મીટિંગ’ વધુ અસરકારક બની ગઈ છે! વિવાદો સાથે જૂનો સંબંધ ધરાવતા હોવાનું કહેવાતા આ વહીવટદારની વધતી સક્રિયતા બાદ ફરી એકવાર સવાલો ઉઠવા લાગ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ઉચ્ચ અધિકારીઓ આ ચર્ચાઓને માત્ર ચર્ચા માનીને આગળ વધી જાય છે કે પછી ખરેખર ‘વહીવટના વહીવટ’ની પણ તપાસ થશે. કારણ કે શહેરમાં હાલ એક જ સવાલ ગુંજી રહ્યો છે - “રી-એન્ટ્રી તો થઈ ગઈ, હવે સ્ક્રિપ્ટ પણ જૂની જ ચાલશે કે કંઈક નવું જોવા મળશે?”

### ભાજપના ‘વોશિંગ મશીન’નો નવી ટેસ્ટ? યુસુફ પઠાણના સમર્થન બાદ પ્લોટ વિવાદનું શું થશે?




વડોદરામાં મહાનગરપાલિકાના પ્લોટ પર દબાણના મુદ્દે યુસુફ પઠાણને લઈને ચર્ચા એવી છે કે મમતા બેનર્જીને ‘બાય-બાય’ કહીને એનડીએને સમર્થન જાહેર કર્યા બાદ હવે યુસુફ પઠાણને લઈને રાજકીય સમીકરણો બદલાશે કે કેમ? અત્યાર સુધી જે મુદ્દે વિરોધનો સૂર ઊંચો હતો, તે હવે ધીમો પડશે કે પછી સિદ્ધાંતો એ જ રહેશે, તે જોવું રસપ્રદ બની રહેશે.

લોકોમાં વ્યંગાત્મક ટિપ્પણીઓ થઈ રહી છે કે ભાજપનું કથિત ‘વોશિંગ મશીન’ એટલું શક્તિશાળી છે કે તેમાં પ્રવેશતા જ જૂના બધા પ્રશ્નો, વિવાદો અને આક્ષેપો જાણે ડિટર્જન્ટ સાથે ધોવાઈ જાય છે! હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું પ્લોટ વિવાદનો મુદ્દો પણ ‘સ્વચ્છ ભારત અભિયાન’નો ભાગ બની જશે? બીજી તરફ, અત્યાર સુધી યુસુફ પઠાણના મુદ્દે આક્રમક વલણ અપનાવનારા વડોદરા ભાજપના નેતાઓ હવે કયો સૂર પકડે છે તે પણ રાજકીય નિરીક્ષકો માટે રસનો વિષય બન્યો છે. કારણ કે રાજકારણમાં કાયમી દુશ્મન કે મિત્ર નહીં, માત્ર સમયસર બદલાતા સ્ટેન્ડ જ કાયમી હોય છે, એવી ટિપ્પણીઓ પણ થઈ રહી છે. અલબત્ત, આ બધું રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચાઓ અને અટકળોનો વિષય છે. હવે સમય જ બતાવશે કે ‘વોશિંગ મશીન’નો સ્પિન મોડ ચાલુ થાય છે કે પછી પ્લોટનો મુદ્દો હરાજી સાથે જ આગળ વધે છે.

### માંજલપુર પેટાચૂંટણી : એક વર્ષની વિધાનસભા માટે 300થી વધુ યોદ્ધાઓ!




વડોદરાના માંજલપુરમાં પેટાચૂંટણી જાહેર થતાં જ જાણે રાજકીય કુંભમેળો ભરાયો હોય એવો માહોલ સર્જાયો છે. ચર્ચા એવી છે કે માત્ર એક વર્ષ માટે ધારાસભ્ય બનવાનો મોકો હોવા છતાં 300થી વધુ મહત્ત્વાકાંક્ષી નેતાઓ અચાનક પ્રજાસેવાના જુસ્સાથી છલકાઈ ઊઠ્યા છે. લોકો રમૂજમાં કહી રહ્યા છે કે, એક વર્ષના કાર્યકાળ માટે એટલો ઉત્સાહ તો ક્યારેક પાંચ વર્ષ માટે પણ જોવા મળતો નથી!

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે ઘણા દાવેદારો હવે સીધા પ્રજા પાસે નહીં, પરંતુ પોતાના માનીતા ‘ગોડફાધરો’ના દરબારમાં હાજરી પુરાવી રહ્યા છે. કોઈ ગાંધીનગરની યાત્રા કરી રહ્યું છે તો કોઈ દિલ્હીના દરવાજે ટકોરા મારી રહ્યું છે. ટિકિટ મેળવવા માટે જાણે ‘દર્શન કરો અને આશીર્વાદ મેળવો’ અભિયાન શરૂ થઈ ગયું હોય એવો માહોલ છે. બીજી તરફ વર્ષોથી પક્ષનો ધ્વજ લઈને ગરમી-વરસાદમાં મહેનત કરનારા કેટલાક સિનિયર કાર્યકરો પણ હવે ગણગણાટ કરી રહ્યા છે. ચર્ચા એવી છે કે વર્ષો સુધી સંગઠનમાં ફાઈલ ઉઠાવી, બેનરો બાંધી અને સભાઓ ભરી આપનારા નેતાઓ હવે વિચારી રહ્યા છે કે આ વખતે પણ જો ટિકિટ નહીં મળે તો કદાચ આગામી જન્મની રાહ જોવી પડશે! લોકોમાં મજાક ચાલી રહી છે કે ભાજપની ટિકિટ જાહેર થાય ત્યાં સુધી 300 દાવેદારોમાંથી દરેક પોતાને ‘ફાઈનલ ઉમેદવાર’ માનીને બેઠો છે. પરંતુ ભાજપનો ઈતિહાસ જોતા રાજકીય જાણકારો એવું પણ કહી રહ્યા છે કે આખી ફિલ્મ દરમિયાન હીરો બનવા માટે દોડતા પાત્રો વચ્ચે છેલ્લી રીલમાં કોઈ તદ્દન નવો જ કલાકાર એન્ટ્રી મારી જાય તો નવાઈ નહીં! હવે માંજલપુરમાં સૌથી મોટો સવાલ એ જ ચર્ચાઈ રહ્યો છે - ગોડફાધરોની ભલામણો, દાવેદારોની દોડધામ અને સિનિયર જોગીઓની તપસ્યા વચ્ચે હાઈકમાન્ડ ફરી એકવાર ‘સરપ્રાઈઝ ગિફ્ટ પેક’ ખોલશે કે આ વખતે ખરેખર જૂના સિપાહીઓને પ્રસાદી મળશે?